# હવે, સરકારને પુરાવા આપવામાં નહીં આવે : યુવરાજસિંહ જાડેજા

**પુરાવા આપવા છતાં સરકાર કોઈ કાર્યવાહી કરતી નથી તેવો આક્ષેપ કરતાં આંદોલનકારી નેતા યુવરાજસિંહ : ૨૦૧૪થી અત્યાર સુધીમાં ૧૧ જેટલી જાહેર પરીક્ષામાં કૌભાંડના પુરાવા આપ્યાં હોવાનો દાવો**

ગાંધીનગર, તા.૨

આંદોલનકારી વિદ્યાર્થી અગ્રણી અને આમ આદમી પાર્ટીના યુવા નેતા યુવરાજસિંહ જાડેજાએ આજે યુવા અધિકાર ન્યાય ચળવળ અંતર્ગત ગાંધીનગર ખાતે પત્રકારોને સંબોધતા જણાવ્યુ હતું કે 'આગામી તા. ૧૩મી ફેબ્રુઆરીના રોજ યોજાનાર બિન સચિવાલય કલાર્કની પરીક્ષામાં સરકાર વિદ્યાર્થીઓના હિતમાં તકેદારી રાખે.' આ સાથે જાડેજાએ કહ્યું હતું કે 'અત્યાર સુધીમાં અમે ૧૧ જેટલી સ્પર્ધાત્મક પરીક્ષાઓના પેપર ફૂટવા સંબંધી ભરતી કૌભાંડો અંગે આધાર-પુરાવા આપવા છતાં સરકાર દ્વારા આજ દિન સુધી કોઈ ઠોસ કાર્યવાહી કરવામાં આવી નથી કે તેમાં સંડોવાયેલા વ્યક્તિઓ સામે પણ કોઈ પગલાં લેવામાં આવ્યાં નથી. આથી હવે અમે સરકારને એકપણ પુરાવા નહીં આપવા તેવો નિર્ણય કર્યો છે, હવે પછીથી સરકારને અમે એક પણ પુરાવા નહીં આપીએ'.

ગાંધીનગરના સેક્ટર-૧૧માં અખબાર ભવન ખાતે આજે પત્રકાર પરિષદ સંબોધતા જાડેજાએ સરકાર સામે આક્ષેપ કર્યા હતાં કે 'અમે ૨૦૧૪થી વિવિધ ભરતી પરીક્ષાઓના પેપરો ફુટવા અંગે અગાઉથી ચેતવવા અને પરીક્ષા બાદ તેમાં આચરવામાં આવેલી ગેરરીતિઓ અંગે પુરાવા આપ્યાં હોવા છતાં સરકારે કાર્યવાહીના નામે માત્ર ઠાલાં આશ્વાસનો જ આપ્યાં છે પરંતુ આજ દિન સુધી જાહેર પરીક્ષાના પેપર કૌભાંડમાં સરકારે એક પણ પરિણામલક્ષી કાર્યવાહી કરી નથી. અમે રાજ્ય સરકારને અગાઉ તપાસમાં મદદરૂપ થવા માટે ચાર જરૂરી મહત્વા આધાર પુરાવા આપ્યા હતાં. આ સાથે પુરાવામાં કઈ સ્કુલમાં ગેરરીતિ આચરવામાં




પેન ડ્રાઈવ સહિતના પુરાવા સરકારને આપ્યા હતાં જેમાં રાજયના મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી, ગૃહ રાજ્ય મંત્રી સહિત સરકારના જવાબદાર હોદ્દેદારોને આવી છે તે તમામ પ્રકારની વિગતો પણ આપવામાં આવી હતી તેમ છતાં પણ સરકાર દ્વારા કોઈ પ્રકારની કડક કાર્યવાહી કરવામાં આવી નથી બલ્કે માત્ર ગુનેગારોને છાવરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. અન્ય રાજ્યોએ તેમના રાજ્યમાં થયેલા ભરતી કૌભાંડોમાં અસરકારક પગલાં લીધાં છે પરંતુ ગુજરાત સરકાર કોઈ પગલાં લઈ નથી રહી તેથી અમે હવે અમારી પાસે જે પણ પુરાવા છે તેને પ્રેસ થકી જાહેર કરીશું'. આ સાથે યુવરાજસિંહ દ્વારા આજે એક ફોન રેકોર્ડિંગ જાહેર કરવામાં આવ્યું હતું જેમાં ઓનલાઈન પરીક્ષામાં વિદ્યાર્થીએ કેવી રીતે સેટીંગ કરવાનું છે તેનું માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. રાજ્યના યુવાનોનું ભાવિ જોખમમાં છે માટે રાજ્ય સરકાર કડકમાં કડક કાર્યવાહી કરે અને તેવી આપેલા પુરાવાને આધારે તપાસ સીબીઆઈ તપાસ સોંપવામાં આવે તેવી માંગ પણ યુવરાજસિંહે કરી છે.

## ઓએમઆર શીટ કોરી રાખવાની મોડ્સ ઓપરેન્ડી

યુવરાજસિંહે આજે ભરતી પરીક્ષામાં કેવી રીતે સેટીંગ કરવામાં આવે છે તે અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે 'અગાઉ નાણાં લઈને સીધા પાસ કરી દેવામાં આવતા હતાં ત્યારે હવે પદ્ધતિમાં ફેરફાર આવ્યો છે. હવે જ્યારે પરીક્ષા ઓફલાઈન હોય તેવી સ્થિતિમાં જે વિદ્યાર્થીઓને પાસ કરાવી દેવાનું સેટિંગ થયું હોય તેવા વિદ્યાર્થીઓને તેમની માર્કશીટ ઓએમઆર શીટ કોરી રાખવાની સૂચના કૌભાંડી દ્વારા આપવામાં આવી હોય છે જેને પરીક્ષા પુરી થયાં પછીથી ભરીને વિદ્યાર્થીને મરિટમાં ઉપર લાવી દેવાય છે. આ ઉપરાંત અન્ય એક રીતમાં સાચા ઉમેદવારની જગ્યાએ વધુ હોંશિયાર હોય તેવા ડમી ઉમેદવારને પરીક્ષામાં બેસાડી દેવાય છે. ઓનલાઈન પરીક્ષામાં પણ ઉમેદવારને પરીક્ષા કેન્દ્ર પર જઈને માત્ર માઉસ પકડી રાખી પરીક્ષામાં જવાબ આપતાં હોય તેવો ડોળ કરવાનું પરંતુ જવાબો નહીં આપવાનું કહેવામાં આવે છે તે આજે જાહેર કરેલા ઓડીયોમાં સ્પષ્ટ થાય છે.'

## ખૂણેખાંચરેથી

- સાંસદ આદર્શ ગ્રામ યોજનાની કામગીરી અંગે આજે વિકાસ કમિશનર ગ્રામ વિકાસે સમીક્ષા કરી હતી.
- જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષપદે લેન્ડ ગ્રેબીંગ કમિટીની બેઠક મળી હતી.
- દહેગામ તાલુકામાં કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત ખેતી-સિંચાઈ માટે દિવસે વીજળીનો પુરવઠો આપવાની માંગણી સાથે આમ આદમી પાર્ટીએ આવેદન પત્ર આપ્યુ છે.
- દહેગામ તાલુકાના જિંડવા ગામનો વતની યુવાન આર્મીમાંથી નિવૃત્ત થઈ પરત આવતાં ગ્રામજનોએ યુવાનનું ભવ્ય સ્વાગત કર્યુ હતુ.
- ખેડૂતો ચણા, તુવેર, રાયડાની ટેકાના ભાવે ખરીદી માટે ૨૮મી ફેબ્રુઆરી સુધી રજીસ્ટ્રેશન કરાવી શકશે.
- આત્મનિર્ભર અર્થવ્યવસ્થા વિષયને લઈ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મંડલ સંગઠનોને સંબોધન કર્યુ હતુ જેમાં શહેર-જિલ્લાના આગેવાનો જોડાયા હતા.
- પ્રદેશ પંચાયત પરિષદની કારોબારી બેઠક ૯ મીએ મળશે.
- કલોલ તાલુકાના સાંતેજ પોલીસ સ્ટેશનની હદમાંથી રૂ. ૪૫.૬૦ લાખનો દારૂ મુદ્દામાલ સાથે ત્રણ ફોલ્ડરોને એલ.સી.બી.એ પકડી પાડ્યા છે.
- શહેરી વિકાસ રાજ્યમંત્રી વિનોદભાઈ મોરડીયાએ આજે કમિશનરો સાથે વર્ચ્યુલ બેઠક યોજી સમીક્ષા કરી હતી.
- ગાંધીનગર મહાનગરપાલિકાના આંદોલનકારી સફાઈ કામદારોએ આજે રક્તથી લિખિત આવેદનપત્ર આપ્યુ છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



**આ બજેટમાં સીતારમણે મોબાઈલ એસેસરીઝને રાહત આપી છે એટલે આપણને ફાયદો થશે... હવે મોબાઈલ ચાર્જીંગ કંપનીવાળા વાયર લાંબો આપશે...**

### છેતરપિંડીના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

કલોલ તાલુકા પોલીસ મથકે નોંધાયેલા છેતરપિંડીના ગુનામાં નાસતા ફરતા આરોપીને ગાંધીનગર એલસીબી-૨ પોલીસે પકડી પાડ્યો છે. ગાંધીનગર રેન્જ આઈજી અભય ચુડાસમા અને જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા દ્વારા વચગાળાના જામીન, પોલીસ જાપ્તામાંથી અને પેરોલ ફર્લો કરીને નાસતા ફરતા આરોપીને પકડી પાડવા માટે સુચના આપી હતી. જે અન્વયે એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એસ.પી.જાડેજા અને પી.ડી.વાઘેલા સહિત સ્ટાફના કર્મચારીઓ તે દિશામાં કામગીરી કરી રહ્યા હતા. તે સમયે એએસઆઈ જોગીન્દરસિંહ મેહરસિંહને બાતમી મળી હતી કે કલોલ તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલ છેતરપિંડીના ગુનામાં નાસતો ફરતો આરોપી મોહનભાઈ સાગરભાઈ રબારી (રહે.પરબતપુરા રબારીવાસ, તા કલોલ) ઘેધુ ચોકડી પાસેથી પકડી પાડ્યો હતો. આજથી દોઢ વર્ષ અગાઉ સોજા ગામના ઠાકોર પાસેથી એક મહીન્દ્રા કંપનીનું ટ્રેક્ટર ખરીદ્યું હતું.

# વડસરમાંથી દારૂનું ગોડાઉન ઝડપાયું

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર જિલ્લાના વડસર જીઆઈડીસી વિસ્તારમાંથી વિદેશી દારૂ-બિયરનો મોટીસંખ્યામાં જથ્થો દારૂનું ગોડાઉન ધમધમતુ હતું. ત્યારે એલસીબી-૨ પોલીસે વડસર ખાતે રેઈડ પાડતા જ સાંતેજ પોલીસ રાત્રીના સમયે આવી પહોચી હતી. પોલીસે દારૂ-



એલીસબી પોલીસે ઝડપી પાડ્યો છે. આ છેલ્લા બે મહિનાથી બિયરની કુલ બોટલ નંગ.૬૭૪૬ મળી કુલ રૂ.૨૯.૬૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ત્રણ શખ્સોને પોલીસે પકડી પાડ્યા છે.

ગાંધીનગર જિલ્લાના સાંતેજ પોલીસ મથક વિસ્તારમાં છેલ્લા કટેલાક સમયથી ચાલી રહેલા દારૂ-બિયરનો વેપાર ધમધમી રહ્યો હતો. જેથી એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંઘવ દ્વારા કેટલાક સમયથી આ વિસ્તારમાં બાતમીદાર સક્રિય કરાયા હતા. ગતરોજ રાત્રીના સમયે એલસીબી પોલીસે બાતમીને પગલે વડસર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ખાતે થી આઈશર ટ્રકને પકડી પાડવામાં આવી હતી. આઈશર ટ્રકમાં રહેલા એરંડાના કોથળા નીચે વિદેશી દારૂ-બિયરની ૩૯ પેટી મળી આવી હતી. આ સમયે સાંતેજ પોલીસ પણ વડસર આવી પહોંચી હતી.ત્યારબાદ ગોડાઉનમાં તપાસ કરતા અંદર રાખવામાં આવેલ દારૂ-બિયરનો જથ્થો જોઈને પોલીસ જવાનો પણ ચોંકી ઉઠ્યા હતા. પોલીસે દારૂ-બિયરની બોટલ કુલ નંગ.૬૭૪૬ જેની કિં.રૂ.૨૯,૬૧,૮૭૦ તેમજ એક આઈસર ટ્રક, વોક્સવેગન કાર, ત્રણ ટુ-વ્હીલર, ૭ નંગ મોબાઈલ, રોકડા ૩૪,૭૦૦ સહિત કુલ રૂ. ૪૫,૬૦,૩૯૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.



જયારે પોલીસે નિશિત યોગેશ પટેલ (નારાયણ પુરા રૂપલ પાર્ક અંકુર રોડ નારાયણપુરા), વનારામ સવારામ દેવાસી (દેસાઈ રહે.રાજસ્થાન) અને શોંબીદસિંગ (મધ્યપ્રદેશ)ની ધરપકડ કરી હતી. જયારે જૈમીન મહેન્દ્ર પટેલ અને કિશન મારવાડી રાજપૂત નાસી ગયા હતા. જૈમીન પટેલ પાસેથી કિશન મારવાડીએ દારૂનું ગોડાઉન રૂ.૫૦ હજારના ભાડે થી રાખ્યું હતું. કિશન મારવાડી તેના ભાઈઓ સાથે વર્ષો અગાઉ લુંટ કરતો હતો. કિશન મારવાડી સામે અસંખ્યા ગુના નોંધાયેલા છે. જયારે કિશન મારવાડી ગોડાઉન પરથી ગાડીઓમાં પેટીઓ ભરીને સપ્લાય કરતો હતો. પોલીસે આ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# બજેટ પૂર્વે નાગરીકો પાસેથી મંગાવેલા સુચનો જાહેર કરો : અંકિત બારોટ

**નાગરીકોના સુચન પર કામ થયુ છે કે નહી તેનો હિસાબ વિપક્ષ દ્વારા લેવામાં આવશે**

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર મહાનગર પાલિકાના વિપક્ષના નેતા અને વોર્ડ નં.૩ ના કોર્પોરેટર અંકિત બારોટે સ્ટે.કમિટીના ચેરમેન લેખિત રજુઆત કરી છે કે ડ્રાફટ બજેટ પૂર્વે શહેરીજનો પાસેથી સુચનો મંગાવવામાં આવ્યા હતા. શહેરની જનતાએ સ્ટે.કમિટીના ચેરમેનને અંદાજીત ૫૦ થી વધુ સુચનો મોકલી આપ્યા હતા. ત્યારે શહેરીજનોએ મોકલી આપેલા સુચનો પૈકી કેટલા સુચનો ગ્રાહ્ય રાખવામાં આવ્યા છે. તેની જાણ તમામ સભાસદો અને પ્રેસ મિડીયાના મિત્રોને આપવામાં આવે. જયારે આ પ્રકારના સુચનો નાગરીકો પાસેથી મંગાવી તેના પર યોગ્ય કાર્યવાહી ના કરવામાં આવે તો ગાંધીનગરની પ્રજા સાથે દ્રોહ થયેલ ગણાશે. તે ઉપરાંત મનપાની સામાન્ય સભામાં નાગરીકોના સુચનો ઉપર કામ થયુ છે કે નહી તેનો હિસાબ વિપક્ષ દ્વારા લેવામાં આવશે.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર મહાનગર પાલિકાનું વર્ષ ૨૦૨૨-૨૩ મનપા કમિશનર દ્વારા સ્થાયી સમિતિને રૂ.૫૧૨ કરોડનો અંદાજ રજુ કરવામાં આવેલ છે. મહાનગર પાલિકાનો વ્યાપ વધારવામાં આવ્યો છે, જેથી માળખાકિય સુવિધા માટે મહેકમ વધારવાની જરુર પડશે અને તેનો ખર્ચ પણ વધશે.ભુતકાળમાં ભાજપના શાસકોના આડેધડ ખર્ચ અને વહીવટના કારણે મનપાની તિજોરી પર બોજો પડ્યો છે. ત્યારે વિપક્ષના નેતા અંકિત બારોટે સ્થાયી સમિતિના ચેરમેનને લેખિત રજુઆત કરી છે કે મહાનગર પાલિકા ખાતે નાગરીકો પાસેથી બજેટ અંગે જરુરી સુચનો મંગાવ્યા હતા. ટુંક સમયમાં સ્થાયી સમિતિ બજેટમાં સુધારો કરવા જઈ રહ્યા છો.ત્યારે કોંગ્રેસ પક્ષ દ્વારા માંગ કરવામાં આવી છે કે નાગરીકો પાસેથી જે સુચનો મળ્યા છે તે પ્રેસ-મિડીયાના માધ્યમથી જાહેર કરવામાં આવે, મનપાને કેટલા સુચનો મળ્યા છે અને તેમાંથી કેટલા ગ્રાહ્ય રાખીને બજેટમાં સમાવેશ કરવાના છે. શહેરની જનતા પાસેથી મંગાવેલા સુચન પર કોઈ કામગીરી કરવામાં નહી આવે તો મનપાની સામાન્ય સભામાં ઉગ્ર વિરોધ કરી પ્રજા સમક્ષ ખુલ્લા પાડીશુ તેમ વિપક્ષના નેતા અંકિત બારોટે જણાવ્યું છે.

## દાહોદથી મજુરી કામ માટે આવેલી કિશોરીની અપહરણની ફરીયાદ નોંધાઈ

ગાંધીનગર, તા.૨

દાહોદ જિલ્લામાંથી પોતાના ભાઈ સાથે ગાંધીનગર મજુરી કામ માટે આવેલી કિશોરીને લલચાવી ફોસલાવીને અજાણ્યો ઈસમ ભગાડી જતા ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ દાહોદના ફરીયાદીને પત્ની અને ચાર સંતાનો છે અને તે કડીયાકામ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. આજ થી ત્રણ માસ પહેલા ફરીયાદીએ દિકરા અને દિકરીને ઠેકેદાર સાથે ગાંધીનગર મજુરી કામ માટે મોકલી આપ્યા હતા. તે ભાઈ-બહેન બંન્ને ભાઈજીપુરા ખાતે આવેલી શ્રીનંદ સાઈટ પર મજુરી કામ કરી કોબા ખાતે રહેતા હતા. ગત તા.૩૧ મી ડિસેમ્બરના રોજ ભાઈ બહેન મુજરી અર્થે ગયા હતા. પરંતુ સગીર બહેન સાંજ સુધી ઘરે પરત ન ફરતા ભાઈએ રાત્રે પિતાને ફોન કરીને જાણ કરી હતી. જેથી ગાંધીનગર ખાતે તેના પિતા અને સ્નેહીજનો દોડી આવ્યા હતા. કેટલાક દિવસ સુધી આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવા છતા સગીર યુવતિનો ક્યાંય ભાળ મળી ન હતી. જેથી તેણીના પિતાએ સગીર દિકરીને કોઈ શખ્સ લલચાવી ફોસલાવી અપહરણ કરી લઈ ગયો હોવા અંગે ફરીયાદ નોંધાવતા ઈન્ફોસીટી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.



## મગોડી રાહેલબા વૃધ્ધાશ્રમમાં જન્મદિવસ નિમિત્તે વડીલોને મિસ્ટાન પીરસ્યુ

દહેગામ તાલુકાના પૂર્વ ધારાસભ્ય કામિનીબા દ્વારા મગોડી સ્થિત રાહેલબા વૃધ્ધાશ્રમના છેલ્લા વર્ગના અનાથ ગરીબ લાભાર્થીઓની વ્યક્તિગત ખબરઅંતર પુછી ભુપેન્દ્રસિંહ ખુમાનસિંહની અડતાલીસમી જન્મ જયંતિ નિમિત્તે સાદગીપૂર્વક સ્વહસ્તે ભોજન પીરસીને ઉજવણી કરવામાં આવી હતી. સંસ્થાના લાભાર્થીઓને યશવંતસિંહ ઝાલા અને પ્રમુખ નિર્મલાબેને અંતઃકરણપૂર્વક આભાર સહ આશીર્વાદ આપ્યા હતા.



ગાંધીનગર મહાનગર ભાજપની બેઠક ભૈરવનાથ પાર્ટીપ્લોટ, રાયસણ ખાતે યોજાઈ હતી. નમો એપના માધ્યમથી માઈક્રો ડોનેશન અભિયાન અંતર્ગત યોજાયેલી આ બેઠકમાં મહાનગર ભાજપના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## ગુજરાત સાયન્સ સિટી ખાતે ઇ-વ્હીકલ સર્વિસનો શુભારંભ

ગાંધીનગર નજીકના સરદાર પટેલ રીંગ રોડ પરની ગુજરાત સાયન્સ સિટી ખાતે અધતન ઈલેક્ટ્રિક વ્હીકલ સર્વિસની શરૂઆત કરવામાં આવી છે. આજે ગુજરાત સાયન્સ સિટીના એક્ઝીક્યુટિવ ડિરેક્ટર એચ. સી. મોદી. દ્વારા મુલાકાતીઓ માટે ઈ-વ્હીકલ સર્વિસનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત સાયન્સ સિટી તમામ વયજૂથના નાગરિકોને આકર્ષે ત્યારે ખાસ કરીને ઉમરલાયક વ્યક્તિઓ અને શારીરિક અક્ષમ વ્યક્તિઓ માટે આ ઈ-વ્હીકલ સર્વિસ સગવડ ભરી છે. આ ઉપરાંત વિવિધ પ્રકલ્પોની ઝડપી અને સુવિધાભરી સગવડનો લાભ કોઈ પણ લઈ શકે છે. સેગ વે સ્કૂટર પર સાયન્સ સિટીમાં સ્ટાઈલથી ફરવું યુવાઓને પણ એક અનોખો અનુભવ આપશે.

# સિવિલમાં વર્ષ ૨૦૨૧માં પોણા ત્રણ લાખથી વધુ દર્દીઓએ સારવાર લીધી

ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિલમાં તાવ થી માંડીને ડાયાલિસીસ સુધીની સારવાર થાય છે. હોસ્પિટલનો તાત્કાલીક વિભાગ અને ઓપીડી દર્દીઓથી ધમધમતા હોય છે. ત્યારે સિવિલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવતા હોય છે. ગાંધીનગર સિવિલ જિલ્લાના દર્દીઓ માટે આશિર્વાદરુપ સાબિત થઈ છે. ત્યારે વર્ષ ૨૦૨૧ માં ૩,૮૧,૧૦૧ દર્દીઓએ ઓપીડી સારવારનો લાભ લીધો હતો. જયારે કોરોના મહામારી હોવાથી અન્ય વોર્ડ મોટાભાગના બંધ હોવાથી ૨૯,૭૧૯ દર્દીઓએ ઈન્ડોર સારવારનો લાભ મેળવ્યો છે.

મળતી વિગત મુજબગાંધીનગર-અમદાવાદ ટવીન સીટી ગણાય છે, ત્યારે સિવિલમાં દર્દીઓનો ભારે ધસારો જોવા મળે છે. ગાંધીનગર સહિત આસાપાસના જિલ્લાના દર્દીઓ પણ મોટીમાત્રામાં ગાંધીનગર સિવિલમાં સારવાર માટે આવે છે. જેથી ગાંધીનગર સિવિલમાં મેડીસીન, સ્કીન, આઈ, ઈએનટી, સર્જરી, પીડીયાટ્રીક, ગાયનેક, સહિતના વિભાગમાં વર્ષ ૨૦૨૧ દરમિયાન ઓપીડીમાં ૩,૮૧,૧૦૧ દર્દીઓએ સારવારનો લાભ મેળવ્યો છે. ત્યારે કેટલાક દર્દીઓને સોનોગ્રાફી, એકસ-રે અને સીટી સ્કેનની જરુર પડે છે. ત્યારબાદ ડોકટરને સારવાર કરવામાં સરળતા રહે છે. જેને પગલે ગત વર્ષે જાન્યુઆરી થી ડિસેમ્બર માસ દરમિયાન એકસ રે -૭૨,૮૮૮, સોનોગ્રાફી-૨૯,૧૧૯ અને સીટીસ્કેન-૧૨૪૯ કરવામાં આવ્યા છે. જયારે વર્ષ ૨૦૨૧ માં મેજર ઓપરેશન કુલ-૫૬૨૪ અને માઈનોર ઓપરેશન કુલ-૧૭,૭૯૪ કરવામાં આવ્યા છે. તો બીજીતરફ કોરોનાના કાળ દરમિયાન ૬૦૦ બેડની હોસ્પિટલ કોવીડમાં ફેરવી દેવામાં આવી હતી. તમામ વોર્ડમાં કોરોના દર્દીઓ સારવાર મેળવી રહ્યા હતા. ત્યારે કોવીડ સમયે સૌથી વધુ ટેસ્ટ લેબોરેટરીમાં થવા પામ્યા છે. વર્ષ ૨૦૨૧ દરમિયાન કોવીડ સહિત વિવિધ ટેસ્ટ ગાંધીનગર લેબોરેટરીમાં સૌથી વધુ દર્દીઓના ૧૫,૧૧,૬૪૫ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

**ગુજરાત જળસંપત્તિ વિકાસ નિગમ લી. ગાંધીનગર**

**જાહેરાત ક્રમાંક-૨૨ - સને ૨૦૨૧-૨૦૨૨**

કાર્યપાલક ઈજનેર (સી), યુનીટ-૨ (સુજલામ-સુફલામ) બીજો માળ, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર બીલ્ડીંગ, સેક્ટર નં. ૮, ગાંધીનગર (ફોન નં. ૦૭૯-૨૩૨૩૬૭૧૨) દ્વારા હિસાબી કામગીરી માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની સેવાઓની આવશ્યકતા હોઈ ગુજરાત જળ સંપત્તિ વિકાસ નિગમ લીમીટેડ, ગાંધીનગર ખાતે કચેરી સમય દરમિયાન પાર્ટ ટાઈમ કન્સલ્ટન્ટ તરીકે હાજર રહી કામગીરી કરવાની (સેવાઓ આપવા) માટે ભાવો પૂરા પાડવાના રહેશે. જે માટે નીચે દર્શાવેલ લાયકાતોને ધ્યાનમાં રાખી અરજીઓ કરવાની રહેશે.
(૧) એક વીકમાં ઓછામાં ઓછા ત્રણ દિવસની સેવાઓ આપવાની રહેશે.
(૨) ફક્ત સી.એ. થયેલ ઉમેદવારો જ ભાવો ભરી શકશે.
(૩) ભાવપત્રકો સાથે બાયોડેટા તેમજ ઝ.છ. રજીસ્ટ્રેશનની નકલ રજૂ કરવાની રહેશે.
રસ ધરાવતી સી.એ. ઉમેદવારો કોરા ભાવપત્રકો, સ્કોપ ઓફ વર્ક અને અન્ય શરતો નિગમની વેબસાઈટ http://gwrdc.gujarat.gov.in પરથી મેળવી સીલબંધ કવરમાં સૌથી ઉપર 'સી.એ. કન્સલ્ટન્સીની સેવાઓ પૂરી પાડવાનાં ભાવો' લખીને તા. ૧૧/૨/૨૦૨૨ સુધીમાં કાર્યપાલક ઈજનેરશ્રી, યુનીટ-૨ (સુજલામ-સુફલામ), ૨જો માળ, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર, સેક્ટર નં. ૮, ગાંધીનગરને ફક્ત આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી મોકલવાની રહેશે.
વધુ વિગતો નિગમની વેબસાઈટ http://gwrdc.gujarat.gov.in મારફતે જોઈ શકાશે.
માહિતી/૩૦૨૬/૨૧-૨૨

**ટૂંકી જાહેરખબર**

રાહત નિયામક કચેરીના સરકારી વાહન જીજે-૧૮-જી-૨૪૪૮ મારૂતિ એસ.એક્સ. ફોર સ્ટેટ ઈમરજન્સી ઓફરેશન સેન્ટર, પુનિતવન પાસે, છ-૪ સર્કલ, સેક્ટર-૧૮, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે, તેને જે તે હાલતમાં જ સીલબંધ કવરમાં હરાજીથી વેચવાની હોવાથી રસ ધરાવતી વ્યક્તિ / સંસ્થાઓ જે ગુજરાત ગુડ્સ એન્ડ સર્વિસીસ એક્ટ અંતર્ગત નોંધાયેલ હોય તેઓએ વહીવટી શાખા, રાહત નિયામકની કચેરી, મહેસૂલ વિભાગ, બ્લોક નં. ૧૧/૮, સચિવાલય, ગાંધીનગર ખાતે તા. ૧૫/૨/૨૦૨૨ સુધીમાં બંધ કવરમાં ભાવ ભરી અરજી ફોર્મ મોકલી આપવા જણાવવામાં આવે છે.

અરજીનો નમૂનો તથા શરતો અંગેની વિગતો વહીવટી શાખા, રાહત નિયામકની કચેરી, મહેસૂલ વિભાગ, બ્લોક નં. ૧૧/૮, સચિવાલય, ગાંધીનગર ખાતેથી કચેરી સમય (રજાના દિવસ સિવાય) તથા વેબસાઈટ http://directorateofrelief.gujarat.gov.in પરથી મળી શકશે તથા તા. ૧૫/૨/૨૦૨૨ સુધીમાં સીલબંધ કવરમાં મળેલ અરજીઓ જ હરાજીની કાર્યવાહી માટે ધ્યાને લેવામાં આવશે.

તા.

સહી/-
નાયબ કલેક્ટર અને ઉપસચિવ
રાહત નિયામકની કચેરી, ગાંધીનગર

માહિતી/૩૦૨૭/૨૧-૨૨